પુણ્ના International School

Shree Swaminarayan Gurukul, Zundal

| SUMMATIVE ASSIGNMENT -2 2022-23 | |
|---|---|
| Grade – 6 | Subject- GUJARATI |
| Syllabus – CH-6,7,8,9,10, | FROM TEXTBOOK |

**[ READING SECTION]**

1) હવાનું પ્રદૂષણ, પાણીનુ પ્રદૂષણ તેમ અવાજનું પ્રદૂષણ પણ દિનપ્રતિદિન વધતુ જાય છે. આ એક ચિંતાનો વિષય છે. ઘરમાં શાળામાં,સભામાં કે રમતના મેદાનમાં મોટેથી વાતો કરવી એ કુટેવ છે. એવી જ રીતે રેડિયો કે ટેલિવિઝનનો અવાજ મોટો રાખવો એ શિષ્ટાચારની વિરુધ્ધ છે. નવરાત્રિ કે લગ્નપ્રસંગે રાતે મોડે સુધી કાનનાં પડદા તોડી નાખે એવો લાઉડસ્પીકરનો અવાજ રાખવો એ સામાજિક દૂષણ છે. અવાજનું પ્રદૂષણ ઘટાડવું એ શું આપણા હાથમાં નથી ? આવો, આપણે સાથે મળી અવાજનું પ્રદૂષણ ઘટાડવાનો સંકલ્પ કરીએ. આપણે ઘર, શાળા, સભા, કે મેદાન પર શાંતિ જાળવીશું. રેડિયો અને ટેલિવિઝનનો અવાજ બહુ ધીમો રાખીશું. નવરાત્રિ કે લગ્ન જેવા પ્રસંગે લાઉડસ્પીકરનો મર્યાદિત ઉપયોગ કરીશું.

પ્રશ્નો 1 ) આપણા સૌ માટે ચિંતાનુ કારણ ક્યુ છે ?

2) ક્યા પ્રસંગોએ રાતે મોડે સુધી લાઉડસ્પીકરનો ઉપયોગ થાય છે?

3) શું કરવું શિષ્ટાચારની વિરુધ્ધ છે ?

4) અવાજનું પ્રદુષણ ઘટાડવા આપણે ક્યો સંકલ્પ કરીશું?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

2) કશ્મીરનું સૌંદર્ય એક વાર જોયુ તો ભુલાય એવું નથી. એવી રીતે ન ભુલાય એવી કશ્મીરની બીજી વસ્તુ તે ત્યાંની કડકડતી ઠંડી. એક વાર એ ઠંડી અનુભવી તો જિંદગીમાં કદી ભુલાય નહિ. ઠંડીનું જોર વધે કે ત્યાંના લોકો પટ્ટુનાં લાંબા લાંબા ડગલા પહેરે છે. બાંય તો એવી રાખેને કે તે આંગળાને ઢાંકીને પણ છેક નીચે લબડતી રહે. હાથ બહાર રાખ્યો કે ઠંડીમાં ખોટો થયો સમજવો. આથી ત્યાંના લોકો ઠંડીમા હાથ બહાર કાઢતા જ નથી. કંઇ ખાવાનું વેચાતું લે તો તે બાયના છેડા પર જ લે, અને એને બાય વડે જ પકડે. કશ્મીરનાં લોકોને આ ઠંડીની કંઇક ટેવ પણ ખરી, પણ બહારના મુસાફરોને તો એ ઠંડી વીંછીની જેમ ડંખ મારે. આથી મુસાફરો નેતરની ટોપલીમાં ગરમ સગડી મૂકે છે અને ગળે બાંધીને ફરે છે.

પ્રશ્નો 1 ) કશ્મીરની કઇ વસ્તુઓ યાદ રહી જાય એવી છે ?

2) કશ્મીરના લોકો ઠંડીથી બચવા શું કરે છે?

3) છોકરાઓ બાયમાથી હાથ કેમ કાઢતા નથી ?

4) મુસાફરો ઠંડીથી બચવા શુ કરે છે?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો**

પ્રભુ ! મને પથ્થર ઘડજે રે, નથી મારે હીરલો થાવું રે,
હીરો બની મારે પેટીપટારે રૂંધી ન મરવું તેજ ;
પ્રભુ મને તેજ ન દેજે રે, પ્રભુ! મને પથ્થર ઘડજે રે,
પથ્થર ઘડજે ને ક્યાંય પટકજે નદી સરોવર તીર ;
મને સૌ પીડતુ છોને રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે.
હીરો બની કોઇ એક જ નર કે નારીનો થાઉં દાસ ;
પથ્થર થઇ પૃથ્વીની સેવા રે, કરી મારે લ્હાવ જ લેવા રે.
તેજ હીરામાં ને ઝેર હ્યદયમાં ગમતું મને ના એમ;
પ્રભુ ! મને પથ્થર ઘડજે રે, ઘડી મન ફાવે ત્યાં ધરજે રે.
પથ્થરને આપે પ્રભુ પદ લોકો હીરલે જડતા અંગ;
એમાથી તું ઉગારી લેજે રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે.
પ્રભુપદ કોઇને દેજે રે મને તો તુ પથ્થર ઘડજે રે;
કહ્યું દેવ ! આટલું કરજે રે, પ્રભુ ! મને પથ્થર ઘડજે રે.

પ્રશ્નો : 1) કવિ શું બનવાની ઇચ્છા ધરાવે છે ?
2) કવિ હીરો બનવાની શા માટે ના પાડે છે ?
3) કવિ પૃથ્વીની સેવા કેવી રીતે કરવા માગે છે ?
4) કવિ પોતાને શામાથી ઉગારી લેવા પ્રભુને વિનવે છે ?
5) કાવ્યને યોગ્ય શિર્ષક આપો.

[WRITING SECTION ]

## નીચેના વિશે નિબંધ લખો.

1) મારું શહેર 2) મારો શોખ

નીચેના મુદ્દા પરથી વાર્તા લખો.

1) એક જંગલ - સિંહનો ત્રાસ - દરરોજ પશુઓની હત્યા - પશુઓની સિંહને વિનંતી - દરરોજ એક પશુ મોકલવાનો નિર્ણય - સસલાનો વારો - સસલાનું સિહ પાસે મોડા પહોચવું - સિંહનુ ગુસ્સે થવું - સસલાનું સિંહને કૂવા પાસે લઇ જવું - કૂવામાં સિંહને પોતાનો પડછાયો દેખાવો - સિંહનુ કૂવામાં કૂદિ પડવું - સસલાનું બચી જવું - બોધ.

## સસલાની ચતુરાઇ

એક મોટું જંગલ હતું. તેમાં એક સિંહ રહેતો હતો. જે ખુબ જ તાકાતવાળો હતો. રોજ કેટલાય પશુંઓને મારી નાખતો હતો. એટલે બધાય જનાવરોએ ભેગા થયા. ભેગા થઇને વિચાર્યુ કે જો આમ જ સિંહ બધાને મારી નાખશે તો એક દિવસ આખુ જંગલ ખાલી થઇ જશે.

બધા જાનવરો એ નક્કી કર્યુ અને સિહને મળવા ગયા અને સિંહને કીધુ તમારે કોઇનો શિકાર કરવા જવું નહિ, અમે દરરોજ એક જાનવર તમારી પાસે આવી જઇશું તેને તમારે ખાઇ જવાનુ. સિહે હા પાડી એટલે દરેક જાનવર સિંહ જોડે જવા લાગ્યો.

એક વખત સસલાનો વારો આવ્યો. એટલે સસલાએ એક ઉપાય કર્યો તે સિંહ પાસે મોડો પહોચ્યો, સિંહ ગુસ્સે થયો તો સસલાએ કહ્યુ મહારાજ તમારા જેવોજ એક સિંહજંગલમાં આવ્યો છે તો એનાથી બચીને આવતા મારે મોડુ થઇ ગયુ. સિંહ ગુસ્સે થયો અને બીજા સિંહને બતાવવા કહ્યું.

સસલો તેને કૂવા પાસે લઇ ગયો કૂવામાં સિંહે તેનુ જ પ્રતિબિંબ જોયુ. એટલે તેને ત્રાડ પાડી પણ પોતાનો જ પડઘો પડવાથી તેને લાગ્યુ કે અંદરબીજો સિંહ છે તો તરત તે કૂવામાં કૂદી પડ્યો અને સિહ મરી ગયો.

આમ સસલાના ઉપાયથી સિહ મરી ગયો અને તે બચી ગયો.

2) એક ખેડૂત - ચાર દીકરા - દીકરા વચ્ચે કુસંપ - ખેડૂતને ચિંતા - ખેડૂતની માંદગી - ચારે દીકરાને બોલાવવાં - લાકડીઓની ભારી મંગાવવી - દરેક દીકરાને લાકડીઓની ભારી ભાંગવા કહેવું - ભારી ન ભાંગી શક્યા - લાકડીઓ છૂટી પાડી એક એક લાકડી ભાંગવા કહેવું - એક એક લાકડીઓ તરત ભાંગી શક્યાં - બોધ.

## એકતામાં જ સાચી તાકાત છે

એક ખેડૂત હતો. તેના ચાર દીકરા હતા. બધા એકબીજાની જોડે રહેતા હતા પરંતુ એક દિવસ કોઇ બાબતે તેમની વચે ઝગડો થયો. અને બધા વચ્ચે કુસંપ થયો ખેડૂતને ચિંતા થવા લાગી અને એક દિવસ તે બીમાર પડ્યો તેને લાગ્યુ કે હવે હું વધારે જીવી નહિ શકુ, પરંતુ દિકરાઓ વચ્ચે કુસંપ હોવાથી તે વધારે ચિંતિત રહેતો હતો.

એક દિવસ એને દરેક દિકરાને બોલાવ્યા અને એક લાકડાની ભારી લાવવાનું કહ્યું અને દરેક દિકરાને ભારી ભાંગવાનું કહ્યું પણ તે ભારી ભાંગી શક્યા નહિ. ત્યારબાદ તેમણે તે ભારી છોડી નાખી અને એક એક લાકડી ભાંગવા કહ્યું બધાયે તરત લાકડી ભાંગી નાખી. આમ દરેક દિકરાને એક્તાની તાકાત સમજાઇ ગઇ.

આમ, દરેક દીકરાઓ સંપથી સાથે રહેવા લાગ્યા.

**[GRAMMAR SECTION]**

### નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે લખો

1. વર્ગમાં ભીષ્મ વિચિત્ર છોકરો હતો .ખોટું
2. ગોદામ માં અંધારું હતું .સાચું
3. શાળા છૂટે પછી બોધરાજ ક્રિકેટ રમવા જતો .ખોટું
4. બોધરાજ નું નિશાન કદી ખાલી ન જાય .સાચું

### સાચી શબ્દ જોડણી શોધી લખો

1. સમડી /સમટી - **સમડી**
2. પતંગિયું /પતંગીયુ - **પતંગિયું**
3. ટોકિયો /ડોકિયું - **ડોકિયું**
4. પકાશ/પ્રકાશ - **પ્રકાશ**
5. નીસાન /નિશાન – **નિશાન**
6. ડોપલી / ટોપલી - ટોપલી
7. વિદ્યા / વિધ્યા - વિદ્યા
8. સરમ /શરમ - શરમ
9. ચીપિયો / ચિપીયો - ચિપીયો
10. હળદર /હડદર - હળદર
11. પેંચીલ /પેન્સીલ - પેન્સીલ

### યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો

1. ________ને ટેબલે પરની ખીલી ફસાવી દીધું હતું .( દોરા ,**ઇલેસ્ટિક )**
2. ________પર કપાસના જીડવાનો રસ લગાવ્યો . ( લીબું, **છરી** )
3. તૃપ્તિએ પગના તળિયે ________ નો લેપ કર્યો .(**હળદર** ,ચુના )
4. ________પર ચૂનાનો ઝીણો ભૂકો છાંટેલો હતો . (ચાદર , **દુપટ્ટા** )
5. ________શબ્દ સાંભળતા જ્યાં ,મયુર અને ઋતુ ગભરાઈ ગયા .( **ડાકણ** , માતાજી )

## હતા , છે , કે હશે વડે ખાલી જગ્યા પૂરો .

1. અત્યારે રમેશ ક્રિકેટ રમે **છે** .
2. ગઈ કાલે વિદ્યાર્થી વર્ગમાં **હતા** .
3. મારા કાકા આવતી કાલે મુંબઈ **હશે**
4. અત્યારે માધવી રસોઈ બનાવે **છે**

## નીચેના વાક્યો કારણ કે અને માટે શબ્દનો ઉપયોગ કરી જોડો

૧) અમે નિશાળે મોડા પહોંચ્યા. અમે મોડા ઉઠ્યા હતા.

જ) અમે નિશાળે પહોંચ્યા **કારણ કે** અમે મોડા ઉઠ્યા હતા .

૨) અમે ગિરનાર ગયા અમારે રોપવે માં બેસવું હતું .

જ) અમે ગિરનાર ગયા **કારણકે** અમને રોપવે માં બેસવું હતું

૩) અમે રમતમાં હારી ગયા. અમે ખૂબ થાકી ગયા હતા.

જ) અમે રમતમાં હારી ગયા **કારણ કે** અમે ખૂબ થાકી ગયા હતા .

૪) મેં ચિત્રાને ચિત્રપોથી ભેટ આપી. ચિત્રાને ચિત્રો દોરવા ખૂબ ગમેછે.

જ) મેં ચિત્રાને ચિત્રપોથી ભેટ આપી **કારણ કે** ચિત્રાને ચિત્ર દોરવા ખૂબ ગમે છે .

## નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો

૧) ચરણ- પગ

૨) અપરાધી - ગુનેગાર

૩) વેરી- દુશ્મન

૪) જુગટું -જુગાર

૫) ગગન -આકાશ

૬)વિલાપ -રુદન

## નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો

૧) અળખામણું× માનીતો

૨) અપરાધી× નિરપરાધી

૩) સ્વામી× સેવક

૪)જછાનુ ×જાહેર

૫) ગગન× ધરતી

૬) સુખ × દુઃખ

## નીચેના વિધાનો ખરા છે ખરા છે કે ખોટા તે જણાવો

1. ટોમ ને સફરજન ભાવતું નહોતું .- ખોટું
2. બીલી પાસેથી ટોમે ખોટી નો લીધી .- ખોટું
3. બપોર સુધીમાં દીવાલ ત્રણ વાર રંગાઈ ચુકી હતી .- સાચું

4. પોલીસમાસીએ ખુશ થઈને ટૉમને બેટ લાવી આપ્યું . **ખોટું**

## નીચેના વાક્યો કોણ બોલે છે તે લખો

1. " આજે આ કામ પૂરું કરી દેજે ".- **પોલીસમાસી**
2. " કેમ ,આ કામ નથી ?" - **બેન**
3. "તું આને કામ કહે છે ?"- **ટૉમ**
4. "આખું સફરજન તારું ,બસ " - **બેન**
5. " રમવા જતા પહેલા બીજું એક કામ કર ." -**પોલીસમાસી**

**[LITERATURE SECTION ]**

## નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં લખો.

**1.** બોધરાજના ગજવામાં શું-શું ભરેલું હોય ?
જ) બોધરાજના ગજવામાં જીવતો દેડકો ,જાતજાતના ઇંડા જેવી ચિત્રવિચિત્ર વસ્તુઓ ભરેલી હોય .
2. ભીષ્મની માએ ભીષ્મ અને તેના મિત્ર બોધરાજને શું કરવા કહ્યું ?
ભીષ્મની માએ ભીષ્મ અને તેના મિત્ર બોધરાજને સાથે મળીને ગોદામ સાફ કરવા કહ્યું ?
3. ગોદામ માં કોનો માળો હતો ?
જ)ગોદામ માં કાબર નો માળો હતો .
4. ભીષ્મ અને બોધરાજ ગોદામ માંથી માળો ક્યાં લઈ આવ્યા ?
જ) ભીષ્મ અને બોધરાજ ગોદામમાંથી માળો ગેરેજમાં લઈ આવ્યા .
5. બીજે દિવસે બોધરાજ આવ્યો ત્યારે શું લઈ આવ્યો ?
જ) બીજે દિવસે બોધરાજ આવ્યો ત્યારે દાણાની થેલી ભરીને લઈ આવ્યો .
1. વર્ગમાં કોને જાદુ રજૂ કર્યા ?
જ) વર્ગમાં તૃપ્તિ અને અંશુલે જાદુ રજુ કર્યા .
**2.** તૃપ્તિ ટેબલ ની પાછળ શું કરતી હતી **?**
જ) તૃપ્તિ ટેબલની પાછળ મંત્ર જેવું બબડતી હતી અને દુપટ્ટા ઉપર પોતાના હાથ ફેરવતી હતી .
3. છરી ઉપર શું લગાવેલું હતું ?
જ)છરી ઉપર કપાસના જિંડવાનો રસ લગાવેલા હતા .
4. તૃપ્તિએ પગના તળિયે શાનો લેપ કર્યો ?
જ)તૃપ્તિએ પગના તળિયે હળદરનો લેપ કર્યો .
5. દુપટ્ટા ઉપર શું ચોટેલું હતું ?
જ) દુપટ્ટા પર ચૂનાનો ઝીણો ભૂકો છાંટેલો હતો .
6. ગોપીઓ કોને ફરિયાદ કરે છે ?

જ) ગોપીઓ યશોદાને ફરિયાદ કરે છે.

7. ગાયો ચરાવવા કોણ-કોણ જાય છે ?

જ) ગાયો ચરાવવા કૃષ્ણ અને બલભદ્ર જાય છે.

8. કાલીયનાગ ક્યાં રહેતો હતો ?

જ) કાલીયનાગ યમુના નદીના ધરામાં રહેતો હતો .

9. કૃષ્ણને નાગણોએ શા નાથી વધાવ્યા ?

જ) કૃષ્ણને નાગણોએ મોતી ભરેલા થાળથી વધાવ્યા .

10. કૃષ્ણનો બચાવ કોણ કરેછે ?

જ) કૃષ્ણનો બચાવ બલભદ્ર કરે છે.

11. શું જોઈને ટૉમના મોઢા માં પાણી આવી ગયું ?

જ) બેનના હાથમાં એકમોટું લાલ ચટાક સફરજન જોઈને ટૉમનામોઢામાંપાણીઆવીગયું .

12. ટૉમના મનમાં અચાનક એક વિચાર આવતા તેણે શું કર્યું ?

જ) ટૉમના મનમાં અચાનક એક વિચાર આવતા તેણે ખાસ સીટી વગાડી પછી કામ શરૂ કર્યું .

13. ચૂનો મારવા ના કામ પછી માસીએ ટોમને ક્યુ કામ સોપ્યું હશે ?

જ) ચૂનો મારવાના કામ પછી માસીએ ટૉમને બગીચામાંથી ઘાસ કાઢવાનું કામ સોંપ્યું હશે .

14. ઝાડના છાયા માં બેસીને ટોમ કયા બે કામ કરવા લાગ્યું ?

જ) ઝાડના છાયામાં બેસીને ટોમ બેનને સૂચના આપવાનું અને સફરજનના નાના નાના બટકાભરવા નું કામ
કરવા લાગ્યો .

**નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો**

**૧) વર્ગમાં સૌથી વિચિત્ર છોકરો કોણ હતો ?તે શું-શું કરતો હતો ?**

જ) વર્ગમાં સૌથી વિચિત્ર છોકરો બોધરાજ હતો .તે ગોફણથી નિશાન તાકતો હતો .પતંગિયા અને ભમરી સાથે તો તે એવું કરતો કે આપણ ને કમકમાં આવી જાય .તેના ગજવામાં જીવતો દેડકો ,જાતજાતના ઇંડા જેવી વિચિત્ર વસ્તુઓ ભરતો .

**૨) ભીષ્મા નવા બંગલે બોધરાજ વારંવાર કેમ જતો ?**

જ) ભીષ્મા નવા બંગલાની આસપાસ વનરાજી હતી. આથી બોધરાજ ભીષ્મા નવા બંગલે જતો .એને ત્યાંની વનરાજીમાં શિકાર કરવાનું મોકળું મેદાન મળી ગયું હતું .

**૧) તૃપ્તિ અનેઅંશુલે વર્ગમાં કર્યા-કર્યા જાદુ બતાવ્યા ?**

જ) તૃપ્તિ અને અંશુલે વર્ગમાં નીચેના જાદુ બતાવ્યા.

૧) જામફળ ,રબર અને ચાવીને ટેબલની એક બાજુ થી બીજી બાજુ ખસ્તા બતાવ્યા

૨) લીબુંને કાપતા તે માંથી લોહી ટપકવા નો જાદુ બતાવ્યો .

૩) દુપટ્ટા પર માતાજી ના પગલાં –કંકુ-પગલાં પસવાનો જાદુ બતાવ્યો .

**૨) કમુ એ તાળીઓ શા માટે પાડી ?**

જ)દુપટ્ટા પર મયુર ,નફીસા અને સાગરેપગલાં પડ્યા .તે જોઇને આખા વર્ગે તાળીઓ પાડી તેથી કમુએ પણ તાળીઓ પાડીને પછી પગલાં પણ !

**૧) ગોપીઓ ગોસ્વામી ફરિયાદ શા માટે કરેછે ?**

જ) ગોપીઓ કૃષ્ણની ફરિયાદકરે છે કારણકે કૃષ્ણ કાકરા મારીને ગોપીઓની માખણની મટુકીઓ ફોડી

નાખે છે એટલું જ નહીં તેમના ઘરે સિક્કામાં રાખેલું દહીં અને માખણ પણ ખાઈ જાય છે .

**૨) યશોદા કાબરો શબ્દ કોના માટે વાપરે છે ? કેમ ?**

જ) યશોદા કાબરો શબ્દ ઉપયોગ માટે વાપરે છે કારણકે ગોપી ઓ યશોદા ના દીકરા કૃષ્ણ પર ખોટું

આડ લગાવે છે .

**3) ગોકુળ ગામના છોકરાઓ જંગલમાં ગાયો ચડતી હોય ત્યારે શું કરતા ?**

જ) જંગલમાં ગાયો ચરતી હોય ત્યારે ગોકુળ ગામના છોકરાઓ ભેગા બેસીને જાતજાતની વાતો કરતા ઘરેથી ભાથું વેચીને ખાતા અને મજા કરતા . ક્યારેક યમુનાને કાંઠે જુદી-જુદી રમતો પણ રમતા .

**૧) ટૉમને ઊંઘમાંથી કોને ઉઠાડ્યો હતો? શામાટે ?**

જ) ટૉમનેઊંઘમાંથી પોલીસમાસીએ ઉઠાડ્યો હતો .રવિવારનો દિવસ હતો . ટૉમને રજા હતી.આજે ટૉમને બહારની દીવાલ રંગવાની હતી. પોલીસમાસીજ ચૂનો અને પીછી તૈયાર રાખ્યા હતા. આજે તો ટૉમે તે કામ પૂરું કરવાનું હતું.

**૨) કલાકાર ની જેમ ચૂનો લગાડવા માટે શું કરતો હતો ?**

જ)કલાકારની જેમ ટૉમજ ચૂનોલગાડવા નું કામ કરતો હતો્ થોડી વાર થાય બે ડગલા પાછળ ખસે અને દિવાલ તરફ જુએ થોડો વિચાર કરે અને પાછો દિવાલ પર એકાદ બે લસરકા મારે થોડી વાર તેરી તરફ ઝીણી નજરથી જોઈરહે અને સ્મિત કરી સીટી વગાડે .